આજીવન કેદની સજા ભોગવતાં કેદીઓ ૧૪ કોરા વર્ષની સજા પુરી કરે તે પછી વહેલા જેલમુક્ત કરવા બાબત...

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ક્રમાંકઃ જલક/૮૩૨૦૨૫/૮૭૪/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:– ૦૬/૦૮/૨૦૨૫.

વંચાણે લીધાઃ

૧. ગૃહ વિભાગનો પરિપત્ર ક્રમાંક : જલક/૩૩૯૦/સી.એમ./૧૬/પાર્ટ/૨/જ, તા.૦૯/૦૭/૧૯૯૨
૨. ગૃહ વિભાગનો ઠરાવ ક્રમાંક : જલક/૮૨૨૦૧૨/૧૮૫૯/જ, તા.૨૩/૦૧/૨૦૧૪
૩. ગૃહ વિભાગનો ઠરાવ ક્રમાંક : જલક/૩૯૨૦૨૨/૨૪૯૩/જ, તા.૦૬/૦૪/૨૦૨૩
૪. નામ.સુપ્રિમકોર્ટ ખાતે દાખલ થયેલ રીટ પીટીશન(ક્રિમી.) નં.૧૧૦/૨૦૦૦(લક્ષ્મણ નાસકર વિ.બંગાળ રાજ્ય)માં નામ.સુપ્રિમકોર્ટનો હુકમ, તા.૦૧/૦૯/૨૦૦૦

પરિપત્ર:

ઉપર્યુક્ત વંચાણે લીધા ઠરાવો અને પરિપત્રથી આજીવન કેદની સજા પામેલ કેદીઓ કોરા ૧૪ વર્ષની સજા પુરી કરે ત્યારે બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ–૪૭૩ અને ૪૭૫ની જોગવાઇને ધ્યાને રાખીને વહેલી જેલમુક્તિની વિચારણા કરવામાં આવે છે.

૨. અનુભવે જણાયેલ છે કે, સજા માફ કરતી વખતે ધ્યાનમાં લેવાની બાબતો અંગે નામ.સુપ્રિમકોર્ટ દ્વારા વંચાણે લીધા (૪) સામે દર્શાવેલ ચુકાદાથી આપેલ નિર્દેશને ધ્યાને લઇ કેદીઓના સજા માફીના કેસની સમીક્ષા કરવા વંચાણે લીધા (૨) સામે દર્શાવેલ ઠરાવથી વિભાગ દ્વારા સૂચના આપેલ હોવા છતાં વિભાગને મોકલવામાં આવતી સજા માફીની દરખાસ્તોમાં ફક્ત કેદીઓના ગુનાની વિગત, જેલજીવનની વર્તણૂંક અને સંબંધિતોના અભિપ્રાયોને ધ્યાને લઇને કેસની સમીક્ષા થયેલ હોય છે. જેથી કેદીઓને સજા માફી આપતી વખતે યોગ્ય નિર્ણય લેવામાં મુશ્કેલી ઉભી થાય છે.

૩. આથી, કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંબંધિત સત્તાધિકારીઓને વંચાણે લીધા (૧) થી (૩) સામે દર્શાવેલ ઠરાવો અને પરિપત્રની જોગવાઇની સાથો–સાથ નામ.સુપ્રિમકોર્ટ દ્વારા વંચાણે લીધા (૪) સામે દર્શાવેલ ચુકાદાથી આપેલ નિર્દેશ અન્વયે નીચે દર્શાવ્યા મુજબના મુદ્દાઓ ધ્યાને રાખીને પોતાનો સ્પષ્ટ વિગતવાર કારણસહિતનો અભિપ્રાય આપવા જણાવવામાં આવે છે.

- Whether offence is an individual act of crime without affecting society at large?
- the criminal antecedents;
- whether the offence was committed when the convict was on bail/parole/furlough;
- Whether the convict has lost his potential in committing crime?
- Whether there is any chance of future reoccurrence of committing crime?
- The convict not being a professional killer;

- Whether there is any fruitful purpose of confining of this convict any more?
- Socio-economic condition of the convict family?
- The probability of reformation of convict;

૪. જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીએ ઉપર્યુક્ત સૂચનાઓને અનુલક્ષીને દરખાસ્તની ચકાસણી કરીને સરકારશ્રીમાં રજૂ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મયુરસિંહ વાઘેલા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ

૧. માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
૨. પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
3. રજીસ્ટ્રારશ્રી, નામદાર ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ (પત્ર દ્વારા)
૪. સર્વે રજીસ્ટ્રારશ્રી, નામદાર સેશન્સ કોર્ટ
૫. સર્વે પોલીસ કમિશ્નરશ્રી
૬. સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી
૭. સર્વે જિલ્લા પોલીસ અધિકારીશ્રી
૮. સર્વે જેલ અધીક્ષકશ્રી, મધ્યસ્થ/જિલ્લા/ખાસ/સબ/ઓપન જેલ( મારફત પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, અમદાવાદ)
૯. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/શાખા સિલેક્ટ ફાઇલ